


## વિનસ-બાપ્ટિસ્ટે ફ્રેન્ચ ઓપન મહિલા ડબલ્સમાંથી નામ પાછું ખેંચ્યું

પેરિસ, તા. 28 (એપી) : સાત વખતની મેજર સિંગલ્સ ચેમ્પિયન વિનસ વિલિયમ્સ અને હેલી બાપ્ટિસ્ટે ફ્રેન્ચ ઓપન ટેનિસ ગ્રાન્ડ સ્લેમમાં મહિલા ડબલ્સ ઇવેન્ટમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે. તેમણે ગુરુવારે ખસી જવાનો નિર્ણય લેવા સંબંધે આયોજકોએ કોઈ કારણ આપ્યું નથી. જો કે બુધવારે વાંગ જિયાયુ સામેના બીજા રાઉન્ડના સિંગલ્સ મેચ દરમિયાન ડાબા પગમાં ઇજા થવાથી બાપ્ટિસ્ટે નિવૃત્તિ લેવી પડી. ડ્રોમાં અમેરિકન જોડીના સ્થાને યુડિસ ચોંગ અને વેરોનિકા રેજેકનો સમાવેશ થયો.

# આજે ક્વોલિફાયર 2 : વૈભવને રોકવાનો GT સામે મોટો પડકાર

**‘વન્ડર કિડ’** સૂર્યવંશી પર કઇ રીતે લગામ કસવી તેની મોટી જવાબદારી ગુજરાત ટાઇટન્સના બોલરો પર

**બોલરો** સામે તો મોટો પડકાર છે જ પણ ગુજરાત ટાઇટન્સના ટોપ ઓર્ડર પર પણ પ્રભાવક પ્રદર્શનનો પડકાર

**સાંજે** 7.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયોહોટસ્ટાર પર





મુલ્લાનપુર, તા. 28 : આઈપીએલમાં આવતીકાલે શુક્રવારે અહીં રમાનારી ક્વોલિફાયર 2માં શુક્રવારે રાજસ્થાન રોયલ્સ સામે જ્યારે ગુજરાત ટાઇટન્સની ટીમ મેદાને ઉતરશે ત્યારે તેના શક્તિશાળી પેસ બોલિંગ આક્રમણ સામે સૌથી મોટો પડકાર તોફાની બેટિંગ કરી રહેલા ‘બોય વન્ડર’ વૈભવ સૂર્યવંશીને રોકવાનો હશે, તેની સાથે જ ગુજરાતના પરંપરાગત શૈલીના ટોપ-ઓર્ડરે પણ શાનદાર પ્રદર્શન કરવાની જવાબદારી ઉઠાવવી પડશે.

બંને ટીમો વચ્ચેની છેલ્લી મેચમાં, મહંમદ સિરાજે એક સિક્સર ખાધા પછી સૂર્યવંશીને શોર્ટ બોલ પર આઉટ કરવામાં સફળતા મેળવી હતી. કગિસો રબાડા સામે પણ સૂર્યવંશીએ આક્રમક શોટ્સ ફટકાર્યા હતા. સિરાજ અને રબાડા બંને આ ટૂર્નામેન્ટમાં GT માટે શરૂઆતી સફળતા અપાવતા રહ્યા છે, પરંતુ 15 વર્ષના આ યુવા ખેલાડીએ સનરાઇઝર્સ હૈદરાબાદ સામેની એલિમિનેટર મેચમાં માત્ર 29 બોલમાં 97 રનની અદ્દભૂત ઈનિંગ રમીને અપેક્ષાઓ ખૂબ વધારી દીધી છે.

અહીંની પીચ ફરી એકવાર બેટિંગ માટે સાનુકૂળ રહેવાની આશા છે અને સૂર્યવંશી બોલરના કદ કે નામની પરવા કર્યા વિના દરેક બોલને બાઉન્ડ્રી બહાર મોકલવાનો પ્રયાસ કરશે, જેમ તેણે પેટ કમિન્સ સામે કર્યો હતો. આ બેટિંગ સેન્સેશન ઘણી વખત શોર્ટ બોલ પર આઉટ થયો છે અને કદાચ GT ના બોલરો આ નબળાઈને ખૂબ જ ચતુરાઈથી નિશાન બનાવવા માંગશે. હાલમાં શાનદાર ફોર્મમાં ચાલી રહેલી રોયલ્સની ટીમ સૂર્યવંશી અને જોફ્રા આર્ચર પર ખૂબ નિર્ભર છે. આ બંને ‘એક્સ-ફેક્ટર’ ખેલાડીઓએ સનરાઇઝર્સ સામેની એલિમિનેટર મેચમાં ટીમને જીત અપાવી હતી. ઓપનિંગમાં સૂર્યવંશીની વિસ્ફોટક બેટિંગ સામે યશસ્વી જયસ્વાલ તદ્દન ઝાંખો પડ્યો છે. ધ્રુવ જુરેલે ત્રીજા નંબરે સારું પ્રદર્શન કર્યું છે, પરંતુ તેને સૂર્યવંશી દ્વારા મળેલી ધમાકેદાર શરૂઆતનો ફાયદો મળ્યો છે.

બીજી તરફ, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે કારમી હાર વેઠ્યા બાદ ટાઇટન્સ પાસે IPL ફાઇનલમાં પહોંચવાની આ બીજી તક છે. ટાઇટન્સ તેની ટોચની ત્રિપુટી શુભમન ગિલ, સાઈ સુદર્શન અને જોસ બટલર પર ખૂબ આધાર રાખે છે.

જો તેઓ સારું પ્રદર્શન નહીં કરે, તો રાજસ્થાન રોયલ્સના બોલિંગ આક્રમણ સામે મેચ પાછી ખેંચવાની બેટિંગ ડેપ્થ આ ટીમ પાસે નથી. ટાઇટન્સે ફિલ્ડિંગ વિભાગમાં પણ ઘણો સુધારો કરવાની જરૂર પડશે.

## દિગ્ગજો પાસે ‘બેબી બોસ’ વૈભવની પ્રશંસા માટે શબ્દો ખૂટ્યા

**મૂડીએ** વૈભવને T20 ક્રિકેટનો બ્રેડમેન કહ્યો તો કુંબલેએ તેની કેરિયર સચિન કરતાં લાંબી રહેવાની આગાહી કરી

**વૈભવ** ટૂંકમાં IPLમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ તોડશેની ગેલની આગાહી, સચિન, જયસુર્યાએ પણ પ્રશંસા કરી



નવી દિલ્હી, તા. 28 : ન્યૂ ચંદીગઢમાં રમાયેલી એલિમિનેટર મેચમાં વૈભવ સૂર્યવંશીની ધમાકેદાર ઈનિંગ જોયા પછી માજી ઓસ્ટ્રેલિયન દિગ્ગજ ટોમ મૂડી પાસે તેની પ્રશંસા માટે શબ્દો નહોતા અને તેણે 15 વર્ષના બેટ્સમેનને ટી-20 ક્રિકેટનો ડોન બ્રેડમેન ગણાવ્યો. વૈભવની ઈનિંગ એવી હતી કે સચિન તેંડુલકર, સનથ જયસૂર્યા અને યુનિવર્સ બોસ ક્રિસ ગેલ સહિત બધાએ તેના વખાણ કર્યા.

સચિને ટ્વિટ કરીને જણાવ્યું કે વૈભવની બેટ સ્વિંગ અદ્દભૂત છે, જે રીતે પોતાના પગ તરફ આવતા બોલને રમવા માટે સુંદરતાથી પોતાના આગલા પગને ખસેડીને શોટ રમે છે તે કાબિલે તારીફ છે. અને જયસૂર્યાએ તેને ક્રિકેટમાં આગામી મોટો ચહેરો ગણાવ્યો, જ્યારે ગેલે એક બોલ્ડ ભવિષ્યવાણી કરતા કહ્યું કે વૈભવ ટૂંક સમયમાં IPLમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ તોડશે.

વૈભવની ઈનિંગ દરમિયાન સ્ટાર સ્પોર્ટ્સ પર કોમેન્ટ્રી કરી રહેલા કુંબલેએ ક્રિકેટના નવા પોસ્ટર બોય વિશે કહ્યું, મેં સચિનને તેની 24 વર્ષની કેરિયર દરમિયાન જોયો છે, અને જ્યારે સચિન 15 વર્ષનો હતો, વૈભવ એવો જ છે. હું કહી શકું છું કે તેની કારકિર્દી એટલી લાંબી હશે, તો તે આ ફોર્મેટમાં સચિન કરતા વધુ સારો હશે. જો કુંબલેનું નિવેદન ક્રિકેટ ચાહકોને અતિશયોક્તિભર્યું લાગે છે, તો ટોમ મૂડી તેને કેવી રીતે જોશે? એલિમિનેટરમાં યુવા ખેલાડીની શાનદાર ઈનિંગ્સ જોયા પછી, માજી ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ટોમ મૂડીએ કહ્યું કે 15 વર્ષીય ખેલાડીની બેટિંગ કુશળતા ક્રિકેટની દુનિયામાં પહેલાં ક્યારેય જોવા મળી નથી.

### બુમરાહ હોય કે કમિન્સ, વૈભવ કોઈથી ડરતો નથી : ધ્રુવ જુરેલ

મુલ્લાનપુર, તા. 28 : રાજસ્થાન રોયલ્સના ઓપનર વૈભવ સૂર્યવંશી વિશે તેના સાથી ધ્રુવ જુરેલે મહત્વપૂર્ણ ખુલાસો કરતાં કહ્યું હતું કે આટલી નાની ઉંમરે પણ વૈભવ વિરોધી ટીમની મોટા નામોથી બિલકુલ ડરતો નથી. જુરેલે કહ્યું, જ્યારે આપણે પહેલીવાર ક્રિકેટ એકેડેમીમાં જઈએ છીએ, ત્યારે અમને હંમેશા ફક્ત બોલ જોવાનું કહેવામાં આવે છે, બોલરને નહીં. પરંતુ સત્ય એ છે કે આપણે હંમેશા બોલરને જોઈએ છીએ. પરંતુ વૈભવ વિશે સૌથી ખાસ વાત એ છે કે તે ફક્ત બોલને જુએ છે; તેને કોઈ પરવા નથી કે તેની સામે કોણ બોલિંગ કરી રહ્યું છે. માત્ર 15 વર્ષની ઉંમરે, વૈભવે આ સિઝનમાં બુમરાહ, સિરાજ, હેઝલવુડ અને રબાડા જેવા દિગ્ગજ બોલરો સામે દબાણ વિના રન બનાવ્યા છે. બુધવારો વૈભવે પેટ કમિન્સની બોલ પર સતત ત્રણ છગ્ગા ફટકારીને સનસનાટી મચાવી હતી.

### X પર વૈભવની ૩ શબ્દોની પોસ્ટ, જાણે ગુજરાત ટાઇટન્સ માટે ચેતવણી



બુધવારે ન્યૂ ચંદીગઢમાં સનરાઇઝર્સ હૈદરાબાદ સામેની એલિમિનેટરમાં બેટ વડે તોફાન મચાવીને માત્ર 29 બોલમાં 12 છગ્ગા અને પાંચ ચોગ્ગાની મદદથી 97 રનની રમેલી ઇનિંગથી રાજસ્થાન રોયલ્સને અપાવેલા વિજય પછી વૈભવ સૂર્યવંશીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ત્રણ શબ્દોની પોસ્ટ મૂકી હતી, ‘હંગ્રી ફોર મોર’ (હજુ વધુની ભૂખ). વૈભવની આ પોસ્ટને લોકો ક્વોલિફાયર 2ની હરીફ ટીમ ગુજરાત ટાઇટન્સ માટેની ચેતવણી તરીકે ગણી છે.

### વૈભવને રોકવા લાવાથી ભરેલી પીચ મદદરૂપ થઇ શકે : આઇસલેન્ડ ક્રિકેટની રમૂજ




નવી દિલ્હી, તા. 28 : આઇપીએલમાં પોતાની બેટ વડે તોફાની ઇનિંગ રમનારા વૈભવ સૂર્યવંશી સામે પેટ કમિન્સ, જસપ્રીત બુમરાહ સહિતના દિગ્ગજ બોલરો પણ બોલ ક્યાં ફેંકવો તે વિચારતા થઇ ગયા છે ત્યારે આઇસલેન્ડ ક્રિકેટે વૈભવ સૂર્યવંશીને રોકવા માટે તેમની પાસે એક યોજના હોવાની X પર એક રમૂજી પોસ્ટ મૂકી છે. આઇસલેન્ડ ક્રિકેટની X પરની એ પોસ્ટમાં કહેવાયું છે કે અમને ખબર છે કે વૈભવ સૂર્યવંશીને કેવી રીતે રોકવો અને અમારી લાવાથી ભરેલી પીચથી તેને રોકી શકાય છે અને તેની સાથે જ અમે એ ઉમેરવા માંગીએ છીએ કે અમારી 200 મીટર લાવા ક્ષેત્રની બાઉન્ડરી પણ થોડી મદદ કરશે!



## સિંગાપોર ઓપન : સિંધુ, લક્ષ્ય અંતિમ આઠમાં, પ્રણોય હારીને બહાર

**સાત્વિક**-ચિરાગ પુરુષ ડબલ્સમાં જ્યારે ધ્રુવ-તનિષા મિક્સ ડબલ્સમાં જીતીને અંતિમ આઠમાં પ્રવેશ્યા

સિંગાપોર, તા. 28 (પીટીઆઈ) : સિંગાપોર ઓપન સુપર 750 બેડમિન્ટન ટુર્નામેન્ટમાં આજે ગુરુવારે અહીં પીવી સિંધુ અને લક્ષ્ય સેનેઅલગ અલગ શૈલીમાં વિજય નોંધાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો જ્યારે એચએસ પ્રણોયે કરેલી શ્રેણીબદ્ધ ભૂલોથી તે પ્રિય લોહ કીન યૂ સામે 18-21, 21-16, 15-21થી હારીને બહાર થયો હતો. સિંધુએ જાપાનની રીકો ગુંજીને ૩૭ મિનિટમાં 21-19, 21-12થી હરાવી. તેનો આગામી મુકાબલો કોરિયાની ટોચની ક્રમાંકિત એન સે યંગ સામે થશે. સિંધુએ ક્યારેય આ ઓલિમ્પિક્સ ચેમ્પિયનને હરાવી નથી. બીજો ક્રમાંકિત કુનલાવુત વિદિત્સર્ન માત્ર બે પોઈન્ટ પછી પીઠની સમસ્યા સાથે નિવૃત્ત થયા બાદ લક્ષ્યે પણ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો. તેનો સામનો હવે જાપાનના કોકી વાતાનાબે સામે થશે.

## ફ્રેન્ચ ઓપન : સિનરને હરાવી સેરુન્ડોલોએ અપસેટ કર્યો

**સેરુન્ડોલો** સામે હારતાની સાથે સિનરનું પ્રથમ ફ્રેન્ચ ઓપન જીતી કેરિયર ગ્રાન્ડસ્લેમ પૂર્ણ કરવાનું સ્વપ્ન રોળાયુ

**ફ્રેન્ચ** ઓપનમાંથી બહાર થયા પછી સિનરે 33C ગરમીને નહીં પણ થાકને દોષ આપ્યો



પેરિસ, તા. 28 : ફ્રેન્ચ ઓપનમાં આજે ગુરુવારે રોલેન્ડ ગેરોસ ખાતે યાનિક સિનરને બીજા રાઉન્ડની મેચમાં જુઆન મેન્યુઅલ સેરુન્ડોલોએ 3-6, 2-6, 7-5, 6-1, 6-1 થી હરાવતાની સાથે નંબર વન ખેલાડીનું ઈજાગ્રસ્ત હરીફ કાર્લોસ અલ્કારાઝની ગેરહાજરીમાં પ્રથમ ફ્રેન્ચ ઓપન ટાઇટલ જીતવાનું અને કેરિયર ગ્રાન્ડ સ્લેમ પૂર્ણ કરવાનું સ્વપ્ન રોળાયું હતું.

સિનર ત્રીજા સેટમાં 5-1થી આગળ રહીને વિજય તરફ આગળ વધી રહ્યો હતો, પરંતુ ટૂંક સમયમાં જ નાટકીય ઘટનાઓમાં તે સંઘર્ષ કરતો દેખાવા લાગ્યો. 24 વર્ષીય ઇટાલિયન ખેલાડી બે વાર મેચમાં સર્વ કરવામાં નિષ્ફળ ગયો અને 5-4, 0/40 પર કોર્ટની બહાર મેડિકલ ટાઈમઆઉટની પણ જરૂર પડી. તે ક્ષણથી, સિનર તેની શારીરિક સ્થિતિ સુધારી શક્યો નહીં, અને સેરુન્ડોલોએ તેનો સંપૂર્ણ લાભ લીધો, અને 2026 સીઝનનો અત્યાર સુધીનો સૌથી મોટો અપસેટ કરીને છેલ્લી 20 ગેમમાંથી 18 જીતીને મેચ જીતી લીધી. મોન્ટે કાર્લો, મેડ્રિડ અને રોમમાં ટાઇટલ જીત્યા પછી અને પેરિસમાં પહેલા રાઉન્ડમાં આરામદાયક વિજય મેળવ્યા પછી, સિનર કોર્ટ ફિલિપ ચેટિયર પર નમ્ર જણાયો હતો.

### યાનિક સિનર ફ્રેન્ચ ઓપનમાં હારતા નવ ગ્રાન્ડસ્લેમ પછી ફ્રેન્ચ ઓપનમાં નવો ચેમ્પિયન મળશે

પેરિસ, તા. 28 : અહીં રોલા ગેરો પર રમાઇ રહેલી ફ્રેન્ચ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટ ગ્રાન્ડસ્લેમની બીજા રાઉન્ડની મેચમાં વિશ્વના નંબર વન ખેલાડી યાનિક સિનરનો જુઆન મેન્યુઅલ સેરુન્ડોલો સામે ૩-૬, ૨-૬, ૭-૫, ૬-૧, ૬-૧થી પરાજય થતાંની સાથે એ નક્કી થઇ ગયું હતું કે 2024થી 2026ની અત્યાર સુધી રમાયેલી નવ ગ્રાન્ડસ્લેમ પછી હવે 10મી ગ્રાન્ડસ્લેમમાં યાનિક સિનર અને કાર્લોસ અલ્કારાઝ સિવાયનો કોઇ નવો ચેમ્પિયન વિશ્વને મળશે. 2024થી 2026ની અત્યાર સુધી રમાયેલી નવ ગ્રાન્ડસ્લેમમાં ક્યાં તો અલ્કારાઝ અથવા તો સિનર વિજેતા બન્યો છે. આ વખતે અલ્કારાઝ ઇજાને કારણે ફ્રેન્ચ ઓપનમાં નથી અને સિનર બીજા રાઉન્ડમાં હાર્યો હોવાથી હવે આ ગ્રાન્ડસ્લેમમાં કોઇ નવો ખેલાડી ચેમ્પિયન બનશે.

#### છેલ્લી નવ ગ્રાન્ડસ્લેમના વિજેતા

| ગ્રાન્ડસ્લેમ | વર્ષ | વિજેતા |
|---|---|---|
| ઓસ્ટ્રેલિયન ઓપન | 2024 | યાનિક સિનર |
| ફ્રેન્ચ ઓપન | 2024 | કાર્લોસ અલ્કારાઝ |
| વિમ્બલડન | 2024 | કાર્લોસ અલ્કારાઝ |
| યુએસ ઓપન | 2024 | યાનિક સિનર |
| ઓસ્ટ્રેલિયન ઓપન | 2025 | યાનિક સિનર |
| ફ્રેન્ચ ઓપન | 2025 | કાર્લોસ અલ્કારાઝ |
| વિમ્બલડન | 2025 | યાનિક સિનર |
| યુએસ ઓપન | 2025 | કાર્લોસ અલ્કારાઝ |
| ઓસ્ટ્રેલિયન ઓપન | 2026 | કાર્લોસ અલ્કારાઝ |

## નોર્વે ચેસ : પ્રજ્ઞાનંદાએ કાર્લસનને હરાવ્યો, ગુકેશનું ખરાબ ફોર્મ યથાવત

**મહિલા** કેટેગરીમાં દિવ્યા દેશમુખે બિબિસેરા અસ્યુબોવાને હરાવી, કોનેરુ હમ્પા અન્ના મુઝીચુક સામે હારી



ઓસ્લો, તા. 28 (પીટીઆઈ) : નોર્વે ચેસ ટુર્નામેન્ટના રોમાંચક ત્રીજા રાઉન્ડમાં આર પ્રજ્ઞાનંદાએ વિશ્વના નંબર વન મેગ્નસ કાર્લસનને હરાવીને સંપૂર્ણ ત્રણ પોઈન્ટ મેળવ્યા, જ્યારે વર્તમાન વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશનું ખરાબ ફોર્મ ચાલુ રહ્યું હતું.

ગુકેશને મેચ ડ્રો રહ્યા પછી આર્માગેડનમાં અલીરેઝા ફિરોઝાએ હરાવ્યો. આ વર્ષની ટુર્નામેન્ટમાં કાર્લસન તેના સામાન્ય ફોર્મમાં નહોતો, પરંતુ તેના વતનમાં સાત વખતના ચેમ્પિયનને હરાવવો એ વિશ્વ ચેસમાં સૌથી મોટી સિદ્ધિઓમાંની એક છે. બુકારેસ્ટમાં સુપરબેટ ચેસ ક્લાસિક રોમાનિયામાં શાનદાર પ્રદર્શન કરીને પ્રજ્ઞાનંદાએ તે ગતિ જાળવી રાખી. આ જીત સાથે, તેના 4.5 પોઈન્ટ છે અને તે બીજા સ્થાને છે. ફિરોઝા 7.5 પોઈન્ટ સાથે આગળ છે. ગુકેશ 3.5 પોઈન્ટ ધરાવે છે અને છ ખેલાડીઓની ઓપન કેટેગરીમાં ચોથા સ્થાને છે. કાર્લસન 1.5 પોઈન્ટ સાથે છઠ્ઠા સ્થાને છે.

પ્રજ્ઞાનંદાએ 2024માં આ જ ટુર્નામેન્ટમાં ક્લાસિકલ ફોર્મેટમાં પ્રથમ વખત કાર્લસનને હરાવ્યો હતો. ગુકેશનું ખરાબ ફોર્મ ચિંતાનું કારણ છે કારણ કે તેને આ વર્ષના અંતમાં ઝાવોખિર સિંદારોવ સામે વર્લ્ડ ચેમ્પિયનશિપ મેચ રમવાની છે. હવે કાર્લસન ગુરુવારે ગુકેશ સામે ટકરાશે. મહિલા વર્ગમાં, દિવ્યા દેશમુખે ટુર્નામેન્ટના તેના ત્રીજા આર્માગેડનમાં વિજય મેળવ્યો, આ વખતે તેણે બિબીસેરા અસ્યુબાયેવાને હરાવી. તે હવે 4.5 પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. બે વખતની વર્લ્ડ રેપિડ ચેમ્પિયન કોનેરુ હમ્પીને ડિફેન્ડિંગ ચેમ્પિયન અન્ના મુઝીચુક સામે હારનો સામનો કરવો પડ્યો. હમ્પી બે પોઈન્ટ સાથે છઠ્ઠા સ્થાને છે.

### હોંગકોંગમાં બ્રોન્ઝ જીતી દોડવીર નિપમની યાદગાર શરૂઆત

હોંગકોંગ, તા. 28 : દોડવીર નિપમે આજે ગુરુવારે અહીં શરૂ થયેલી અંડર-૨૦ એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપના પ્રથમ દિવસે ૧૦૦ મીટર દોડમાં બ્રોન્ઝ મેડલ જીતીને તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની યાદગાર શરૂઆત કરી છે. અંડર-૨૦ મહિલાઓની ૧૦૦ મીટર દોડમાં રાષ્ટ્રીય રેકોર્ડ ધરાવતી ૧૮ વર્ષીય નિપમની શરૂઆત ભલે ધીમી રહી હતી, પરંતુ તેણે શાનદાર વાપસી કરીને ૧૧.૬૨ સેકન્ડના સમય સાથે બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો. ઉત્તર પ્રદેશની આ દોડવીરનો સર્વશ્રેષ્ઠ વ્યક્તિગત સમય ૧૧.૫૩ સેકન્ડ છે, જે તેણે એપ્રિલમાં એક સ્થાનિક સ્પર્ધા દરમિયાન નોંધાવ્યો હતો. જીતથી ઉત્સાહિત નિપમે કહ્યું, હું ટીમ માટે બ્રોન્ઝ મેડલ જીતીને ખૂબ જ રોમાંચિત છું. નિપમ રાષ્ટ્રીય 4x100 મીટર રિલે ટીમની સભ્ય પણ છે અને આ ચાર દિવસીય ખંડીય સ્પર્ધામાં વધુ એક મેડલ જીતવા માટે આત્મવિશ્વાસ ધરાવે છે.

## વિનેશ ફોગાટ મામલે હાઈકોર્ટના આદેશ સામે WFI સુપ્રીમ કોર્ટ પહોંચ્યું

**વિનેશની** તરફેણમાં આદેશ આપતા પહેલાં ફેડરેશનને વિગતવાર જવાબ દાખલ કરવાની પૂરતી તક ન મળી હોવાની દલીલ કરતી WFIની સ્પેશિયલ લીવ પિટિશન અંગે આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી

નવી દિલ્હી, તા. 28 : રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI) એ દિલ્હી હાઈકોર્ટના ઓલિમ્પિયન રેસલર વિનેશ ફોગાટને શનિવારે યોજાનારી ૨૦૨૬ એશિયન ગેમ્સની સિલેક્શન ટ્રાયલ્સમાં ભાગ લેવાની મંજૂરી આપતા આદેશને પડકારતા સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવ્યા છે. આ મામલાની સુનાવણી શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ પીએસ નરસિંહા અને આલોક આરાધેની બેન્ચ દ્વારા થવાની છે.

પોતાની સ્પેશિયલ લીવ પિટિશનમાં WFIએ 22 મેના રોજ દિલ્હી હાઈકોર્ટની ડિવિઝન બેન્ચ દ્વારા આપવામાં આવેલા આદેશને પ્રથમ દૃષ્ટિએ ગેરકાયદેસર ગણાવ્યો છે. ફેડરેશને દલીલ કરી છે કે વિનેશની તરફેણમાં આદેશ જાહેર કરવામાં આવ્યો તે પહેલાં ફેડરેશનને વિગતવાર જવાબ દાખલ કરવાની પૂરતી તક આપવામાં આવી ન હતી. ફેડરેશને જણાવ્યું હતું કે હાઈકોર્ટે વિનેશને આઈચી-નાગોયા ખાતે યોજાનારી એશિયન ગેમ્સ માટેની ટ્રાયલ્સમાં સામેલ કરવાનો નિર્દેશ આપ્યો છે, જ્યારે તે સત્તાવાર રીતે જાહેર કરાયેલા પસંદગીના માપદંડો મુજબ અયોગ્ય ઠરે છે. WFIએ વધુમાં દલીલ કરી હતી કે આંતરરાષ્ટ્રીય મલ્ટી-સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ માટે રમતવીરોની પસંદગી કરવાનો અધિકાર સંપૂર્ણપણે માન્યતા પ્રાપ્ત નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશનના કાર્યક્ષેત્રમાં આવે છે, અને સ્પોર્ટ્સ સિલેક્શનની બાબતોમાં ન્યાયિક હસ્તક્ષેપ સામે ચેતવણી આપી હતી.

આ વિવાદની પૃષ્ઠભૂમિ આપતા ફેડરેશને જણાવ્યું હતું કે વિનેશે ડિસેમ્બર 2024માં ઈન્ટરનેશનલ ટેસ્ટિંગ એજન્સી (ITA)ને પત્ર લખીને સ્વેચ્છાએ કુસ્તીમાંથી નિવૃત્તિ લીધી હતી.

પિટિશન અનુસાર, યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ (UWW)ના એન્ટી-ડોપિંગ નિયમો અને વાડા કોડ હેઠળ, નિવૃત્તિમાંથી પરત ફરતા કોઈપણ એથ્લેટે સ્પર્ધામાં ભાગ લેવા માટે લાયક બનતા પહેલા ફરજિયાતપણે છ મહિનાના ‘વ્હેરઅબાઉટ્સ’ અને ડોપ-ટેસ્ટિંગ પિરિયડમાંથી પસાર થવું પડે છે.


### અનુસંધાન... પાના પહેલાનું


**દિલ્હી-NCRમાં...**

માટે મહત્ત્વપૂર્ણ છે. કારણ કે મોન્સૂન હજી કેરળ પહોંચ્યું નથી. અહીં નક્કી કરાયેલા 14 સ્ટેશનો પર સતત બે દિવસ 2.5 મીમી વરસાદ નોંધાવા પર ચોમાસું પહોંચ્યાની જાહેરાત કરવામાં આવે છે. દિલ્હીમાં રાહત છે પણ પડોશી રાજ્યો હજુ પણ ભીષણ ગરમીનો સામનો કરી રહ્યા છે. ઉત્તર પ્રદેશનું બાંદા ૪૭.૫C અને રાજસ્થાનનું શ્રીગંગાનગર ૪૭.૧C તાપમાન સાથે સૌથી ગરમ સ્થળો રહ્યા હતા. જોકે, આગામી ૨૪ કલાકમાં પશ્ચિમ અને પૂર્વીય યુપીમાં ૧૦૦ કિમી સુધીની ઝડપે ફૂંકાનારા પવન અને વરસાદની આગાહીથી રાહતની આશા છે. પંજાબના ફરીદકોટ અને હરિયાણાના સિરસામાં પણ તાપમાન ૪૫.૪C નોંધાયું હતું.

**પ્રાદેશિક પક્ષોની...**

સવાલો ઉઠાવ્યા છે:

**૧. ૩૧ પક્ષોના રિપોર્ટ ગાયબ:** ઓક્ટોબર ૩૧, ૨૦૨૫ ની સમયમર્યાદાના ૨૦૭ દિવસ વીતી ગયા હોવા છતાં, ૬૭ માંથી ૩૧ પક્ષોએ હજુ સુધી પોતાના ઓડિટ રિપોર્ટ સબમિટ કર્યા નથી. આમાં DMK, શિવસેના, શિવસેના (UBT), NCP અને નેશનલ કોન્ફરન્સ જેવા મોટા પક્ષો સામેલ છે.

**૨. રિપોર્ટ ફાઈલ કરવામાં વિલંબ:** જે ૩૬ પક્ષોએ રિપોર્ટ આપ્યા છે, તેમાંથી માત્ર ૧૫ પક્ષોએ સમયસર આપ્યા છે, જ્યારે ૨૧ પક્ષોએ ૨ થી લઈને ૯૬ દિવસ સુધીનો વિલંબ કર્યો છે.

**ઈરાન પછી...**

માથા પર ચૂંટણી છે, પણ મને તેની કોઈ પરવા નથી. હવે ઈરાન જ પોતે ઘૂંટણિયે આવીને કરાર કરવા માટે તરફડી રહ્યું છે, કારણ કે તેમની પાસે બીજો કોઈ વિકલ્પ જ નથી બચ્યો.”

**કર્ણાટકમાં સિદ્ધારમૈયાની...**

કરવાની તક આપવા બદલ હું સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેનો આભાર માનું છું.” ૭૭ વર્ષીય નેતાએ ગર્વથી ઉમેર્યું કે તેઓ ક્યારેય સત્તા કે પૈસા પાછળ ભાગ્યા નથી અને તેમનું ૫૦ વર્ષનું રાજકીય જીવન એક ખુલ્લી કિતાબ જેવું રહ્યું છે. સિદ્ધારમૈયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર હાથ જોડેલો ફોટો શેર કરીને જનતાનો આભાર માનતા લખ્યું: “થેંક યુ. તમારો પ્રેમ. તમારો વિશ્વાસ. મારી કાયમી તાકાત.”

**દિલ્હી ડાયરી...**

વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ તેમના રોકાણ સલાહકાર મુથુકૃષ્ણન ધંડપાણીની સોશિયલ મીડિયા પોસ્ટ પર ખૂબ જ રમૂજી જવાબ આપ્યો હતો. આ પોસ્ટમાં રાજકીય અને વૈચારિક મતભેદો હોવા છતાં વ્યાવસાયિક સંબંધોને માન આપવા બદલ કોંગ્રેસ નેતાના વખાણ કરવામાં આવ્યા હતા. ધંડપાણી, જેઓ ૨૦૧૩થી ગાંધીના રોકાણો સંભાળી રહ્યા છે, તેમણે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, તેઓ ૨૦૧૪થી ૨૦૨૪ સુધી વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મજબૂત સમર્થક રહ્યા છે, પરંતુ તેનાથી તેમના કામકાજના સંબંધો પર કોઈ અસર પડી નથી. આ ઉપરાંત, તેમણે પોતાના રાજકીય વિચારોને વ્યાવસાયિક વ્યવહારોથી અલગ રાખવા બદલ ગાંધીની પ્રશંસા કરી હતી. ધંડપાણીની આ પોસ્ટનો જવાબ આપતાં ગાંધીએ તેને માત્ર હળવાશથી જ ન લીધો (જે તેમની શાંત રાજનીતિ અને ઉદારતા દર્શાવે છે), પરંતુ બિઝનેસના દૃષ્ટિકોણથી સંપૂર્ણ ગંભીરતા સાથે એક મજાક પણ કરી: “મુથુજી, તમારા રાજકીય વિચારો તમારા પોતાના છે - પણ કૃપા કરીને મારા રોકાણ પર વળતર ઝડપી બનાવો.” આ ઘટનાએ ગાંધીના સાચા વ્યક્તિત્વને તેમના સંપૂર્ણ વ્યાવસાયિક અને બધાને સાથે લઈને ચાલવાના અભિગમને સામે લાવ્યું છે. પોતાની રાજકીય સંલગ્નતા અને મોદી માટેના સમર્થનને જાહેરમાં પ્રમાણિકપણે સ્વીકારવા બદલ ધંડપાણીને પણ શ્રેય આપવો જ જોઈએ. રાજકારણ અને વ્યવસાયિક બાબતોને એકબીજાથી કેવી રીતે અલગ રાખવા જોઈએ તેનું આ એક ઉત્તમ ઉદાહરણ છે.

**નિરાધારોના પુનર્વસન માટે દિલ્હી સરકારની વિશેષ ઝુંબેશ**

દિલ્હી સરકારે તાજેતરમાં નિરાધાર વ્યક્તિઓ માટે પાંચ દિવસીય બચાવ અને સેવા અભિયાન શરૂ કર્યું હતું. આ અભિયાન ૧૧ મેથી ૧૫ મે સુધી ચાલ્યું હતું. સામાજિક કલ્યાણ મંત્રી રવિન્દર ઇન્દ્રજ સિંહે જણાવ્યું હતું કે, આ ઝુંબેશનું આયોજન સામાજિક કલ્યાણ વિભાગ, ‘અપના ઘર આશ્રમ’ અને ‘સેવા ભારતી દિલ્હી પ્રાંત’ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું.